ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# સે. ૨૮ 'ઘ' કક્ષાના આવાસો રામભરોસે : દૂષણોનો અડ્ડો બન્યા


## બારી-બારણા વગરના ભયજનક આવાસો સીલ પણ કરાતા નથી






(તસવીર : કશ્યપ નિમાવત)







ગાંધીનગર, તા. ૫

શહેરમાં સ્થિત સરકારી આવાસોની હાલત દિનપ્રતિદિન બદતર બનતી જાય છે. નિકાલ હેઠળના બિનઉપયોગી મકાનો પણ ભયજનક હાલતમાં ખંડેર ભાસી રહ્યા છે. સે ૨૮માં 'ઘ' ટાઈપના મકાનો દૂષણોનો અડ્ડો બની ગયા છે. રંગમંચ સામે સ્થિત ઘ-કક્ષાના બ્લોકમાં બારણા પણ નથી. ઉધઈથી ખવાયેલા મકાનો ગેરકાદેસર વસવાટનો અડ્ડો ન બને તે માટે પણ તંત્ર દ્વારા કોઈ પગલા લેવાયા નથી.

શહેરમાં સરકારી આવાસોનો મામલો હવે તો તંત્રના અધિકારીઓ માટે પણ શિરદર્દ સમાન બન્યો છે. નિકાલ હેઠળના જોખમી મકાનો પણ લટકતી તલવાર સમાન પુરવાર થયા છે. નિકાલ હેઠળના મકાનો તોડવાના મામલે પણ માર્ગ મકાન વિભાગ કક્ષાએથી સમયસર નિર્ણય લેવાતો નથી. બીજીતરફ શહેરમાં આવાસ મજબુતીકરણનું કામ પણ મંદગતિએ ચાલી રહ્યું છે. ચોમાસા દરમિયાન સરકારી આવાસો વધુ ભયજનક હાલતમાં હોવાનો સૂર ઉઠવા પામ્યો છે. બીજીતરફ સબ સલામતનો દાવો કરતા તંત્ર દ્વારા આ મામલે કોઈ અભ્યાસ હાથ ધરાયો નથી. શહેરમાં ખાલી પડેલા આવાસો તદ્દન રામભરોસે છે. આવા આવાસોમાં બારી-બારણા સુદ્ધા પણ જોવા ન મળતા રહેણાંકની દષ્ટિએ ભયજનક આવાસોમાં બિન્દાસ રીતે દૂષણો પણ પાંગરી રહ્યા છે. સે. ૨૮માં રંગમંચ સામે સ્થિત ઘ-કક્ષાના સરકારી આવાસો સાવ કંગાળ હાલતમાં છે. ખુલ્લા મકાનો સીલ કરવાની તસ્દી પણ તંત્રએ લીધી નથી.

# સેકટરોમાં સ્ટ્રીટ લાઈટો ડૂલ થતા છવાતો અંધારપટ

## વરસાદી માહોલમાં ઝેરી જીવજંતુઓના લીધે નાગરિકોમાં ભય

ગાંધીનગર, તા.૬

શહેરમાં વરસાદી દિવસો દરમિયાન સેકટરોમાં સ્ટ્રીટલાઈટો ડૂલ થતા સાંજ ઢળતા જ અંધારપટ છવાઈ જાય છે. સેકટરના રીંગ રોડ તેમજ આંતરિક વિસ્તારમાં પણ સ્ટ્રીટ લાઈટના પોલ બંધ રહેતા રહીશોમાં ભયની લાગણી વ્યાપી છે. સે-૩ અને સે-૪ સહીતના નવા સેકટરોમાં ઘણા ઘરા સ્ટ્રીટલાઈટના થાંભલા બંધ હાલતમાં છે. જેના પરિણામે આમ નાગરિકોને ડગલે ને પગલે હાલાકી વેઠવાનો વારો આવ્યો છે.

શહેરના સેકટરોમાં નજર નાંખો ત્યાં વરસાદી સમસ્યાઓ ઉદભવી છે. ગંદકી અને ગારા વચ્ચે મચ્છરો અને જીવાતનો ઉપદ્રવ વધી ગયો છે જયારે વરસાદના છાંટણા પડતા માર્ગો પરથી સ્ટ્રીટલાઈટો પણ ડૂલ થઈ જતાં સેકટરવાસીઓ માટે સાંજ ઢળતા અંધારું પણ સમસ્યારૂપ બને છે. સેકટરોના રીંગરોડ અને સોસાયટીઓના આંતરિક વિસ્તારમાં સ્ટ્રીટલાઈટો બંધ થતા સ્થાનિક રહીશોએ હાલાકી ભોગવવી પડે છે. નવા અને જૂના સેકટરોમાં હાલ ઘણા ઠેકાણે સ્ટ્રીટલાઈટો બંધ હાલતમાં છે. પાટનગર યોજનાના ઈલેકટ્રીક વિભાગ દ્વારા આ મામલે કોઈ અભ્યાસ પણ હાથ ધરાતો નથી. સેકટરોમાં પણ દિવસોથી સ્ટ્રીટ લાઈટો ડૂલ હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. નવા સેકટરોમાં પણ સે-૩ અને ૪ના રીંગરોડ તેમજ સેકટરોમાં સ્ટ્રીટલાઈટના ઘણા પોલ્સ ડૂલ થઈ ગયા છે. વરસાદી ઋતુમાં કાદવ કીચ્ચડ વચ્ચે ઝેરી જીવ જંતુઓનો ઉપદ્રવ પણ વધી ગયો છે તેવામાં સ્ટ્રીટલાઈટો પણ બંધ રહેતા નાગરિકોમાં ભય પ્રવર્ત્યો છે. આવી સ્થિતિમાં તસ્કરો પણ ગમે ત્યારે હાથ ફેરો કરે તેવી દહેશત છે.

# એસ.ટી. ડેપોમાં બે બસો ધડાકાભેર ટકરાઈ

## બપોરે થયેલા અકસ્માતમાં બસમાં બેસેલા બે મુસાફરોને સામાન્ય ઈજા



ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર એસ.ટી. ડેપોમાં આજે બપોરના સુમારે બે એસ.ટી. બસો વચ્ચે અકસ્માત સર્જાયો હતો. ધડાકાભેર થયેલા અકસ્માતમાં અંબાજી જતી બસમાં સવાર મુસાફરો પૈકી બે ને સામાન્ય ઈજાઓ પણ થઈ હતી. જ્યારે બન્ને બસોને નુકશાન થયું હતું.

અંબાજી જતી એસ.ટી. બસ મુસાફરો ભરીને ગાંધીનગર એસ.ટી. ડેપોના પ્લેટફોર્મ પરથી નીકળી રહી હતી અને સરખેજ જતી બસ પણ મુસાફરો ભરીને પ્લેટફોર્મ પરથી ફુલ સ્પીડે રીવર્સ મારીને નીકળી રહી હતી. બ્રેક ન લાગતા સરખેજની બસ અંબાજી વાળી બસના ડ્રાઈવરના દરવાજા પાસે ધડાકા સાથે ટકરાઈ જતા કાચ ફુટી ગયા હતા. અને બારી પાસે બેસેલા બે મુસાફરોને પણ સામાન્ય ઈજા થઈ હતી. બન્ને બસોમાં મોટુ નુકશાન થયું હતું અને તે સમયે ભારે હોબાળો પણ મુસાફરોએ કરીને ડ્રાઈવરની સ્પીડની ટીકા કરી હતી.

# રંગમંચોના ભાડામાં લેવાતા વહીવટી ચાર્જ નાબુદ કરવા માંગ

## રંગમંચોની સફાઈ કે જાળવણી ન કરી આડેધડ વહીવટી ચાર્જની વસુલી પ્રજા સાથે છેતરપીંડી છે

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર મહાનગરપાલિકા હસ્તકોના રંગમંચોની જાળવણીમાં નિષ્ફળ રહેલા તંત્રને વહીવટી ચાર્જ વસુલી માફ કરી દેવી જોઈએ તેવી માંગ કોંગી કાઉન્સીલરો શ્રી હર્ષજીત પંડ્યાએ કરી છે.

આજે મ્યુનિ. કમિશનરશ્રીને લખેલા એક પત્રમાં શ્રી પંડ્યાએ જણાવ્યું છે કે રંગમંચો ફાળવવામાં આવ્યા છે તેમાં સ્વચ્છતાના નામે કોઈ જ કાર્યવાહી કરવામાં આવતી નથી. આમ છતાં કોર્પોરેશન રૂ. ૫૦૦ વહીવટીય ચાર્જ તરીકે વસુલે છે તે યોગ્ય નથી.

રંગમંચોની ફાળવણી સામાજિક પ્રસંગોની ઉજવણી માટે થતી હોય છે. ત્યારે અહિ થતા કચરાનો નિકાલ પણ કરાતો નથી અને તેથી વસાહતીઓ પણ ત્રાહિમામ્ પોકારી ઉઠ્યા છે. તેમણે તેમના આ પત્રમાં એવી ચોંકાવનારી હકીકતનો ઉલ્લેખ કર્યો છે કે આ રંગમંચોના વીજ કનેક્શન પણ કપાઈ ગયેલા છે. આવી અક્ષમ્ય બેદરકારી કોર્પોરેશનના સત્તાધીશોની છે. જવાબદારો સામે પગલાં લેવા જોઈએ તેવી માંગ કરી છે.



તેમણે આ પત્રમાં જણાવ્યું કે રંગમંચો માટે વહીવટીચાર્જ વસુલ કરી મોંઘવારીમાં રાહત ન આપવાની નીતિ અને લોકો સાથેની છેતરપીંડી બંધ કરવી જોઈએ.

શ્રી પંડ્યાએ જણાવ્યું છેકે રંગમંચો ધમધમતા થાય તે માટે પણ વહીવટીચાર્જ નાબુદ કરી કલા સંસ્કૃતિને પોષક બનવાનો પ્રયાસ કોર્પોરેશન કરે તે જરૂરી છે.

કોર્પોરેશન સફાઈની સેવા પણ પૂરી ગંભીરતાથી સંભાળતુ નથી તેનું ઉદાહરણ રંગમંચોની સ્થિતિ પરથી સ્પષ્ટ થાય છે અને કોર્પોરેશનને આર્થિક નુકશાન થાય તેવી તંત્રની નીતિમાં બદલાવ આવે અને સફાઈ થાય તે જરૂરી છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

જે દાદા દિકરાને આંગળી પકડી શાળાએ મૂકવા જતાં હતા એ જ દાદાની આંગળી પકડી આજે પૌત્ર મંદિરે લઈ જાય છે... આ ભારતીય સભ્યતાનું સુંદર ઉદાહરણ છે... ભારતીય સંસ્કૃતિ અને સમાજ વ્યવસ્થાને ઉજાગર કરતી આ તસવીર વર્તમાન સમય માટે ઉપકારક નિવડે એવી છે... આવો આપણે સૌ સાથે મળી આપણા સૌ વડીલોને આદરપૂર્વક શેષ જીવનમાં પૂરક બનીએ એવી તંદુરસ્ત સામાજીક વ્યવસ્થાનું નિર્માણ કરીએ....

# મહિલા શિક્ષણ દિવસ અન્વયે યુવા છાત્રાઓ માટે માર્ગદર્શન શિબિર

## જિલ્લાની ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં રોજગારીની વિવિધ તકો અંગે માર્ગદર્શન પુરૂ પાડવામાં આવશે

ગાંધીનગર, તા. ૬

મહીલા સશક્તિકરણ અન્વયે આગામી તા. ૮ ઓગસ્ટના રોજ જિલ્લામાં મહીલા શિક્ષણ દિવસની ઉજવણી કરવામાં આવનાર છે. આ અન્વયે જિલ્લાની ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં મહીલા રોજગારલક્ષી બાબતોની જાણકારી પુરી પાડવા એક સેમિનાર યોજવામાં આવશે. આ સેમિનારમાં વિવિધ શહેરોના પ્રાધ્યાપકો વિદ્યાર્થીઓને માર્ગદર્શન પુરૂ પાડશે.

જિલ્લામાં મહીલા સશક્તિકરણ સપ્તાહની ઉજવણી અન્વયે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંતર્ગત તા. ૮ ઓગસ્ટના રોજ મહીલા શિક્ષણ દિવસની ઉજવણી કરવામાં આવશે. જિલ્લાની ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ દિવસની ઉજવણી અન્વયે સેમિનાર યોજવામાં આવશે. આ દરમિયાન આર્ટસ અને કોમર્સ ક્ષેત્રની વિદ્યાર્થીનીઓને ટેકનોલોજીમાં કોલ સેન્ટર, ટેલિકોમ સર્વિસ, સોફ્ટવેર ડેવલપમેન્ટ જેવા ક્ષેત્રોમાં મહીલાઓને ઉપલબ્ધ થતી રોજગારીની તકો અંગે માર્ગદર્શન પુરૂ પાડવામાં આવશે. પોલીટેકનીક કોલેજના પ્રાધ્યાપકો દ્વારા વિદ્યાર્થીનીઓને માર્ગદર્શન પુરૂ પાડવામાં આવશે. દરેક તાલુકા મથકની શાળાઓમાં આ કાર્યક્રમ યોજવામાં આવશે. શહેરની આર.જી. કન્યા શાળા, જે.એમ. ચૌધરી હાઈસ્કૂલ તેમજ દહેગામ તેમજ માણસા ગર્લ્સ હાઈસ્કૂલમાં મહીલા શિક્ષણ દિવસની ઉજવણી અંતર્ગત યુવા છાત્રાઓને માર્ગદર્શન પુરૂ પાડવામાં આવશે.



પાર્કિંગમાં જાગૃતિ - ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આડેધડ થતાં પાર્કિંગ સામે કલેક્ટર દ્વારા લાલ આંખ કરાતાં સમગ્ર વ્યવસ્થામાં ધરખમ સુધારો થયો છે... અહીં-તહીં ગાડી મૂકી વાહનવ્યવહારમાં અવરોધક બનતાં વાહનો હવે વ્યવસ્થિત રીતે પાર્ક કરાય છે અને વિશાળ જગ્યામાં સારી એવી પાર્કિંગની મોકળાશ સૌને અનુભવાય છે... ગાંધીનગરના નાગરિકો પણ સ્વયંશિસ્ત જાળવી હવે પોતાના વાહનો પાર્કિંગ પ્લોટમાં પાર્ક કરતાં સિવિલ હોસ્પિટલ સંકુલ રૂડું લાગે છે... આવી શિસ્ત દરેક જગ્યાએ જળવાય તો વધુ રૂડું લાગશે.... (તસવીર - કશ્યપ નિમાવત)

# ૫૦ મુદાના સ્વર્ણિમ સોપાન કાર્યક્રમના અસરકારક અમલ માટે ઉચ્ચાધિકાર સમિતિની પુનઃ રચના કરાઈ

ગાંધીનગર, તા.૬

ગુજરાત રાજયની સ્થાપનાના સુવર્ણ જયંતિ વર્ષની ઉજવણીના ભાગ રૂપે ૫૦ મુદ્દાનો સ્વર્ણિમ સોપાન કાર્યક્રમ નક્કી કરવામાં આવ્યો હતો. નિયત કરાયેલ સ્વર્ણિમ સોપાનના અસરકારક અમલ માટે તેમજ જરુરી માર્ગદર્શન માટે રચાયેલી ઉચ્ચાધિકારી સમિતિની પુનઃ રચના કરવામાં આવી છે. પુનઃ રચિત સમિતિના અધ્યક્ષ તરીકે મુખ્યમંત્રીશ્રી રહેશે. સમિતિના કાર્યકારી અધ્યક્ષ તરીકે શ્રી આઈ.કે. જાડેજા તેમજ અન્ય સભ્યોમાં રાજય કક્ષાના મહિલા, બાળ કલ્યાણ (સ્વતંત્ર હવાલો) ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ મંત્રીશ્રી, રાજય કક્ષાના આરોગ્ય, પરીવાર કલ્યાણ, વાહન વ્યવહાર અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી, રાજયકક્ષાના કુટિર ઉદ્યોગ, મીઠા ઉદ્યોગ, ગોસંવર્ધન મંત્રીશ્રી, મુખ્ય સચિવશ્રી, અધિક મુખ્ય સચિવશ્રી નાણા, અગ્ર સચિવશ્રી આયોજન, અગ્ર સચિવશ્રી આરોગ્ય, અગ્ર સચિવશ્રી શહેરી વિકાસ અને નાયબ સચિવશ્રીનો સમાવેશ થાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે સમિતિનું વડુ મથક ગાંધીનગર રહેશે તેમ સામાન્ય વહીવટ વિભાગના એક ઠરાવમાં જણાવાયું છે.

# કન્યા કેળવણી પુરસ્કાર મદદ નહીં પણ કદર છે

## : કન્યા કેળવણી નિધિ અંતર્ગત ગાંધીનગર ખાતે યોજાયેલ કાર્યક્રમમાં સંસ્થા-કન્યાઓને સહાય દ્વારા પુરસ્કૃત કરાઈ : રાજ્યના શિક્ષણને વધુ ગૌરવયુક્ત બનાવવા શિક્ષણ મંત્રીનું આહ્‌વાન

ગાંધીનગર, તા. ૬

રાજ્યની કન્યાઓને શિક્ષણ ક્ષેત્રે પ્રોત્સાહન મળે, મુખ્યમંત્રીશ્રીને મળતી કે મળેલી ભેટસોગાદની હરાજી દ્વારા ઉપજતી રકમના ફંડથી કન્યાઓના શિક્ષણને ઊજાળવાના ઉદાત ભાવસાથે રાજ્યમાં ૧૦ વર્ષથી ચાલતી મુખ્યમંત્રીશ્રી કન્યા કેળવણી નિધિ યોજના અંતર્ગત આજે ગાંધીનગર ખાતે યોજાયેલા પ્રભાવક કાર્યક્રમમાં લાભાર્થી કન્યાઓને / સંસ્થાઓને આર્થિક સહાય પેટે લાખો રૂપિયાની રકમના પુરસ્કાર આપવામાં આવ્યા હતા. શિણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ લાભાર્થી કન્યાઓને પુરસ્કાર અર્પણ કરતા એવી શ્રદ્ધા વ્યક્ત કરી હતી કે, છેલ્લા દસ વર્ષથી ચાલતી અને સમગ્ર દેશમાં વિશિષ્ટ એવી મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ યોજનાથી પ્રભાવિત,



પ્રેરિત થતું કન્યાઓનું શિક્ષણ અને કન્યા કેળવણી રાજયની કન્યા કેળવણીને અનેરું પરિણામ બક્ષશે.

શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના અધ્યક્ષપદે તથા પ્રાથમિક શિક્ષણ રાજયમંત્રી શ્રી નાનુભાઈ વાનાણીના મુખ્ય મહેમાન પદે યોજાયેલા આ કાર્યક્રમ દરમિયાન એસ.એસ.સી./એચ.એસ.સી.ની માર્ચ ૧૩માં ૧૦૦ ટકા પરિણામ લાવનાર ૫૮૭ શાળાઓ પ્રત્યેકને રૂ. ૧૧,૦૦૦ લેખે કુલ રૂ. ૬૪,૫૭,૦૦૦ વિશિષ્ટ શારીરિક

● અનુસંધાન પાન-૭ પર

SANGHI CEMENT
KisaN
BENELAVE BATH FITTINGS
DR.FIXIT
ashirvad C. PVC, UPVC
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable!
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com